વિકલાંગોની સાધન સહાય યોજનામાં સાધનની
કિંમતમાં તથા વય મર્યાદા વધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
**ઠરાવ ક્રમાંકઃ– અપગ/૧૦૨૦૧૬/૮૬૦૬૧૫/ન.બા.૩/છ.૧**
સચિવાલય,ગાંધીનગર.
**તારીખઃ–** 18 APR 2016

**વંચાણે લીધા :–**

(૧) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુની કચેરી,ગાંધીનગરનો તા.૮/૧૨/૧૫ નો પત્ર ક્રમાંકઃ– સસુખા/યજન/ન.બા./૨૦૧૫–૧૬/૧૪૯

**ઠ રા વ :–**

રાજયમાં અપંગોને કૃત્રિમ અવયવો બેસાડવા તથા શૈક્ષણિક અને ધંધાકીય રીતે ઉપયોગી સાધનો ખરીદવા માટે સહાય આપવાની યોજના અમલમાં છે. આ સહાય અપંગોને સાધનરુપે આપવામાં આવે છે. આ યોજના હેઠળ રૂા.૬૦૦૦/– ની મર્યાદામાં સાધન સહાય તથા વિકલાંગ લાભાર્થીની ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૪૭,૦૦૦/– તથા શહેરી વિસ્તાર માટે રૂા.૬૮,૦૦૦/– આવક મર્યાદા ધ્યાને લઈ ૫ થી ૫૦ વર્ષની વયના અસ્થિવિષયક,દ્રષ્ટિમંદ, શ્રવણમંદ વ્યકિતઓને તેમની વિકલાંગતામાં રાહત થાય તે હેતુથી અથવા પુનઃસ્થાપનના હેતુથી સાધનો મંજુર કરવામાં આવે છે.

૨/– રાજય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ મારફતે રાજયના ગરીબ અને નબળા વર્ગના લોકોને સ્વરોજગારના હેતુથી ટુલકીટ/સાધન સહાય યોજના માટે જુદા જુદા વ્યવસાયો (ટ્રેડ) પૈકી સમાન ટ્રેડના દરેક લાભાર્થીઓ માટે ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ–ટીએપી/૧૦૨૦૧૦/૭૭૨૫૦૬/ખ, તા.૧/૧/૨૦૧૧ થી કુલ ૧ થી ૯ સાધનો પુરા પાડવામાં આવે છે. જેમાં ટેબલેટ,આધૂનિક સાધનોનો સમાવેશ થતો નથી. તેમજ આ પ્રકારના આધુનિક સાધનો રૂા.૬૦૦૦/– ની મર્યાદામાં મળી શકતા ના હોઈ સાધનની કિંમત રૂા.૬૦૦૦/– થી વધારીને રૂા.૧૦,૦૦૦/– કરવાની તેમજ વિકલાંગ સાધન સહાય યોજનાની વય મર્યાદામાં સુધારો કરીને લાયકાત ધરાવતા વિકલાંગોનો સમાવેશ આ યોજના હેઠળ કરવાની દરખાસ્ત વંચાણે લીધેલ પત્ર થી રજૂ કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

(૧) ૪૦ ટકા કે તેથી વધુ વિકલાંગતા/ વિકલાંગ ઓળખકાર્ડની ઝેરોક્ષ.

(૨) વિકલાંગલાભાર્થીની વાર્ષિક આવક મર્યાદા રૂા.૪,૫૦,૦૦૦/– લેવી જોઈએ.

૩/– પુખ્ત વિચારણાને અંતે સમાજ સુરક્ષા ખાતાની વિકલાંગ સાધન સહાય યોજના હેઠળની હાલની સાધનની કિંમત રૂા.૬૦૦૦/– ની રકમમાં વધારો કરીને રૂા.૧૦,૦૦૦/– કરવા તેમજ વય મર્યાદા ૧૬ વર્ષથી ૬૦ વર્ષ કરવા અંગેની માંગણી ક્રમાંકઃ– ૯૨ હેઠળ રૂા.૩૨૦.૦૦ લાખ, માંગણી ક્રમાંકઃ ૯૨ હેઠળ રૂા.૪૦.૦૦ લાખ અને માંગણી ક્રમાંકઃ– ૯૬ હેઠળ રૂા.૪૦.૦૦ લાખ મળીને કુલ રૂા.૪૦૦.૦૦ લાખની આ નવી બાબતને આથી નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ તા.૧/૪/૨૦૧૬ પછી કરવાનો રહેશે. અને જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) મંજુર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની જોગવાઈ સુધારેલ અંદાજોમાં કરાવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૭) સરકારશ્રીની પ્રવર્તમાન ખરીદી નીતિની જોગવાઈઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે

(૮) આ કામના ટેન્ડર પ્રોસેસીગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ–એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ–ટેન્ડરીગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૪/– આ અંગેનો ખર્ચ માંગણી નંબર–૯૨, પેટા મુખ્ય સદરઃ૦૨– સમાજ કલ્યાણ, ગૌણ સદરઃ૧૦૧–વિકલાંગોનું કલ્યાણ,પેટા સદરઃ૦૨ SCW-7– અપંગોને કૃત્રિમ અંગો અને શૈક્ષણિક તથા શ્રાવ્ય સાધનો પુરા પાડવા બાબતના અનુદાન સદરે કરવાનો રહેશે.

૫/– આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧/૪/૨૦૧૬ની અંતિત નોધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

(એમ.એલ.ભગોરા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,–

(૧) માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

(૨) સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૪) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુ, બ્લોકનં.૧૬,ર્ડા.જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય, ગાંધીનગર.

(૫) વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી,બ્લોકનં.૧૬,ર્ડા.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત,અમદાવાદ/રાજકોટ

(૭) નિવાસી ઓડીટ અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.

(૮) નાણા સલાહકારશ્રી,(સા.ન્ય અને અ.વિભાગ) બ્લોકનં.૧૪,બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.

(૯) સેકશન અધિકારી,કોમ્પ્યુટરસેલ/સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ. સચિવાલય,ગાંધીનગર.વિભાગની વેબ સાઈટમાં છ–૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૦) સિલેકટ ફાઈલ

RAJ10-108-110